# વહીવટી -વ- હિસાબી અધિકારીશ્રીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)


## -: પરિપત્ર :-

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા (આર,બી,આઇ.)ની ગાઇડ લાઇન મુજબ ૩૧ ડીસેમ્બર ૨૦૧૨ પછી એટલે કે તા. ૦૧/૦૧/૨૦૧૩ થી <u>CTS CHEQUE BOOKS</u> નવા ચેકની પ્રથા અમલમાં આવનાર છે અને નોન CTS CHEQUE BOOKS (હાલમાં ચાલતી ચેકબુક/જુની ચેકબુક) માંથી ઇસ્યુ કરેલ ચેકોનું તા.૩૧/૧૨/૨૦૧૨ પછી બેંકમાં કલીયરીંગ થઇ શકશે નહી

આથી આપની કચેરીના વિવિધ બીલોના ચુકવણા અર્થે અત્રેથી જુની ચેકબુક/ નોન CTS CHEQUE BOOKS માંથી ઇસ્યુ કરવામાં આવેલ/આપવામાં આવેલ ચેક તા ૨૬/૧૨/૨૦૧૨ સુધીમાં કલીયરીંગ માટે જેતે બેંકોમાં રજુ કરી દેવાના રહેશે અને પાર્ટી પેમેન્ટના ચેકો તાત્કાલીક જે તે પાર્ટી/વેપારી/સંસ્થાને પહોંચાડી અને તા ૨૬/૧૨/૨૦૧૨ સુધીમાં બેન્કમાં ડીપોઝીટ કરાવી દેવાની સુચના પણ આપની કક્ષાએથી આપી દેવાની રહેશે. તા. ૦૧/૦૧/૨૦૧૩ના રોજ આપની કચેરીમાં જો કોઇ જુના ચેક પડી રહેલ હશે અને તે ચેકો કલીયરીંગ માટે જો બેંક સ્વીકારવાની ના પાડશે તો તેની સંપૂર્ણ જવાબદારી આપની કચેરીની રહેશે. વધુમાં અત્રેથી તા ૦૧/૦૧/૨૦૧૩ પછી કોઇ પણ જાતના જુના ચેકમાં સુધારો કરી દેવામાં નહી આવે તેની ખાસ નોંધ લેશો

વધુમાં જણાવવાનું કે જે સબ સેંટરોના જીરો બેલેન્સથી ખાતા ખોલાવેલ છે તેમને નવી CTS CHEQUE BOOKS જે તે બેંકમાંથી તાત્કાલીક મેળવી લેવાની રહેશે અને મળ્યેથી તેમાંથી જ ચેક ઇસ્યુ કરવાના રહેશે હાલમાં સબ સેન્ટર દ્વારા પણ ઇસ્યુ કરેલ ચેકો પણ ડીસેમ્બર ૨૦૧૨ પહેલા બેંકોમાં કલીયરીંગ માટે સબમીટ થઇ જાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

સહી/-

નં. આકૃયુ/વવહિઅ/પરિપત્ર/૩૧૫૪-૫૫/૨૦૧૨ વહીવટી -વ- હિસાબી અધિકારી

તારીખ: ૧૪/૧૨/૨૦૧૨

નકલ સવિનય રવાના :

(૧) હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ

(૨) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ વેબ સાઇટ પર મુકવા સારૂ

નકલ રવાના :

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.